**વિકાસના નામે ભ્રષ્ટાચાર | મહીસાગર જિલ્લા મથકે જ તંત્ર-કોન્ટ્રાક્ટરની સાંઠગાંઠમાં પ્રજાના રૂપિયા પાણીમાં !**

# લુણાવાડા શહેરના નવા બસ સ્ટેન્ડનો આરસીસી રોડ એક વર્ષમાં જ ધોવાયો

**નબળા મટીરિયલના** કારણે નિર્માણના મહિનાઓમાં જ રોડ પર મસમોટા ખાડા પડ્યા

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૨૩

મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા ખાતે તાજેતરમાં જ લાખો રૂપિયાના ખર્ચે પ્રજાની સુવિધા માટે તૈયાર કરવામાં આવેલો નવા બસ સ્ટેન્ડનો આરસીસી રોડ નિર્માણના એક વર્ષની અંદર જ અત્યંત દયનીય અને જર્જરિત હાલતમાં ફેરવાઈ ગયો છે. સ્થાનિક તંત્ર અને

બેજવાબદાર કોન્ટ્રાક્ટર વચ્ચેની મિલીભગત અને ભ્રષ્ટાચારના કારણે પ્રજાના પરસેવાની કમાણી અને વેરાના નાણાં પાણીમાં ગયા હોવાનો વ્યાપક આક્રોશ લોકમુખે ચર્ચાઈ રહ્યો છે.

સરકાર દ્વારા લાખો રૂપિયાના ખર્ચે પ્રજાની સુખાકારી અને વાહનવ્યવહારની સુવિધા માટે આધુનિક આંતરમાળખાકીય સવલતો ઊભી કરવામાં આવે છે, પરંતુ સ્થાનિક તંત્ર અને ભ્રષ્ટ કોન્ટ્રાક્ટરોની ગંઠાયેલી સાંઠગાંઠના કારણે વિકાસના કાર્યો માત્ર કાગળ પર જ સારા દેખાય છે અને તેની જમીની વાસ્તવિકતા થોડા જ મહિનાઓમાં સામે આવી જાય છે. લુણાવાડા બસ સ્ટેન્ડના આ નવા બનેલા આરસીસી રોડને હજુ એક વર્ષ પણ પૂર્ણ નથી થયું ત્યાં જ આખો રોડ તૂટી ગયો છે અને જગ્યાએ જગ્યાએ મોટા-મોટા ખાડા પડી ગયા છે.

લુણાવાડાના આ મુખ્ય બસ સ્ટેન્ડ રોડ પરથી રોજબરોજ હજારો મુસાફરો, ગુજરાત એસ.ટી. નિગમની બસો તેમજ અન્ય નાના-મોટા વાહનો સતત પસાર થાય છે. રોડ પર પડેલા ઊંડા ખાડાઓના કારણે વાહનચાલકો અને મુસાફરો ભારે હાલાકી અને યાતનાઓનો સામનો કરી રહ્યા છે, તેમજ ગમે ત્યારે કોઈ ગંભીર અકસ્માત સર્જાય તેવી પૂરી ભીતિ સેવાઈ રહી છે. નવા બનેલા આરસીસી રોડની આટલી ટૂંકી મુદતમાં આવી બદહાલ સ્થિતિ થવી તે નિર્માણ કાર્યમાં અત્યંત નબળા મટીરિયલનો ઉપયોગ અને વ્યાપક ભ્રષ્ટાચાર થયો હોવાની સીધી સગવડ અને સાબિતી આપે છે.

# આંકલાવ પોલીસ ઇન્સ્પેક્ટર ૪૦હજારનીલાંચલેતાઝડપાયા

**ફેક્ટરી** બંધ કરાવી દેવાની ધમકી આપી પહેલાં AC અને બાદમાં રોકડા માંગ્યા

(પ્રતિનિધિ) આણંદ તા.૨૩

આંકલાવ પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર રાજદીપસિંહ ભગવતસિંહ વનારને આણંદ એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા સફળ ટ્રેપ ગોઠવી રૂ. 40 હજારની લાંચ લેતા રંગેહાથે ઝડપી પાડવામાં આવ્યા છે. આ ટ્રેપ તા. 22/10/2026ના રોજ આંકલાવ પોલીસ સ્ટેશન ખાતે જ કરવામાં આવી હતી.

મળતી વિગતો અનુસાર, ફરિયાદી જાગૃત નાગરિકને આંકલાવ પો.ઈન્સ. આર. બી. વનાર દ્વારા પોલીસ સ્ટેશન

ખાતે બોલાવીને ધમકાવવામાં આવ્યા હતા. તેમની ફેક્ટરી પ્રદૂષણ ફેલાવે છે તેમ કહીને ફેક્ટરી બંધ કરાવી દેવાની ધમકી આપવામાં આવી હતી. શરૂઆતમાં પીઆઈ દ્વારા દોઢ ટનના એ.સી.ની માંગણી કરાઈ હતી. જોકે, ફરિયાદીએ એ.સી. આપવાની ના પાડતાં આરોપીએ રૂ. 40 હજાર રોકડા આપી દેવા જણાવી લાંચ માંગી હતી. ફરિયાદી લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે આણંદ એ.સી.બી. પોલીસ સ્ટેશન ખાતે જઈ ફરિયાદ નોંધાવી હતી.

આ ફરિયાદના આધારે એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા છટકાનું આયોજન કરવામાં આવ્યું હતું. ટ્રેપ દરમિયાન પો.ઈન્સ.એ ફરિયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરીને રૂ. 40,000ની લાંચ સ્વીકારતાં જ એ.સી.બી.ની ટીમે તેમને સ્થળ પર જ પકડી પાડ્યા હતા. પોલીસ ઇન્સ્પેક્ટર આર. બી. વનાર સામે રાજ્ય સેવક તરીકે પોતાના હોદ્દાનો દુરુપયોગ કરી ગુનાહિત ગેરવર્તણૂક કરવાનો ગુનો દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરાતાં આંકલાવ પોલીસ સ્ટેશનમાં ભારે ચકચાર મચી ગઈ છે.

# નડિયાદ રેલવે સ્ટેશન સામે 'સ્વદેશી મેળા'નું આયોજન

**સ્થાનિક** કારીગરો અને વેપારીઓને વેચાણ પ્લેટફોર્મ મળશે

(પ્રતિનિધિ) નડિયાદ તા.23

નડિયાદ મહાનગરપાલિકા દ્વારા સ્થાનિક કારીગરો, નાના વેપારીઓ અને સ્વસહાય જૂથોને પ્રોત્સાહિત કરવાના હેતુથી ૨૪મી ઓક્ટોબરથી ૪થી નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન નડિયાદ ખાતે 'સ્વદેશી મેળો' યોજાશે. નડિયાદ રેલવે સ્ટેશનની સામે તથા નવા બસ સ્ટેન્ડની પાછળ આવેલા ગ્રાઉન્ડ ખાતે આયોજિત આ મેળાનું વિધિવત ઉદ્ઘાટન તા. ૨૪ ઓક્ટોબરના રોજ સાંજે ૪:૩૦ કલાકે થશે. આ મેળો દરરોજ સવારે ૧૧:૦૦ વાગ્યાથી રાત્રે ૧૦:૦૦ વાગ્યા સુધી નાગરિકો માટે ખુલ્લો રહેશે.

આ સ્વદેશી મેળામાં સ્વસહાય જૂથો, સખી મંડળો, સ્થાનિક કલાકારો, હસ્તકલાકારો, નાના ઉત્પાદકો, શહેરી ફેરિયાઓ તથા નાના વેપારીઓને પોતાના ઉત્પાદનો અને હસ્તકલાની વસ્તુઓના વેચાણ તેમજ પ્રદર્શન માટે પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવશે. આ ઉપરાંત, સ્થાનિક કલા, સંસ્કૃતિ અને પરંપરાગત ઉત્પાદનોને પ્રોત્સાહન આપીને કારીગરો પોતાની કળા વધુ લોકો સુધી પહોંચાડી શકે તેવો પ્રયાસ કરાયો છે.

આ મેળાનો મુખ્ય ઉદ્દેશ્ય સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહન આપવું, સ્વરોજગારીની નવી તકોનું સર્જન કરવું, મહિલા સ્વસહાય જૂથોને આર્થિક રીતે સશક્ત બનાવવા અને નાગરિકોમાં સ્વદેશી વસ્તુઓ પ્રત્યે જાગૃતિ કેળવવાનો છે.

**ગ્રામ પંચાયતની બેદરકારીથી ઈ-રિક્ષા બંધ અને સફાઈના સાધનો ધૂળ ખાતા હોવાનો આક્ષેપ**

# ગળતેશ્વર તાલુકાના કુણી ગામમાં પારાવાર ગંદકીથી પ્રજાજનો ત્રસ્ત

**મંદિર અને** આંગણવાડી પાસે કચરાના ઢગલા

(પ્રતિનિધિ) ગળતેશ્વર તા.૨૩

ગળતેશ્વર તાલુકાના કુણી ગામમાં આવેલા ડુંગરા પરના મુખ્ય રસ્તા પર ગંદકી અને કચરાના સામ્રાજ્યથી સ્થાનિક નાગરિકો ભારે હાલાકી વેઠી રહ્યા છે. આ જાહેર રસ્તાની નજીક જ ધાર્મિક મંદિર તથા નાના બાળકો માટેની આંગણવાડી આવેલી હોવા છતાં ત્યાં ખુલ્લામાં કચરો ફેંકવામાં આવી રહ્યો છે. ગ્રામ પંચાયતના તલાટી તથા સરપંચને વારંવાર રજૂઆતો કરવા છતાં લાંબા સમયથી સાફ-સફાઈ હાથ ધરવામાં આવી નથી.

ગળતેશ્વરના કુણી ગામમાં સ્વચ્છતા જાળવવા માટે સરકાર દ્વારા ફાળવવામાં આવેલી ઈ-રિક્ષા હાલ બંધ હાલતમાં પડી રહી છે. આ ઉપરાંત, ગ્રામ પંચાયતમાં ઉપલબ્ધ સાફ-સફાઈના સાધનોનો ઉપયોગ કરવાને બદલે તે ધૂળ ખાઈ રહ્યા છે અને પંચાયત દ્વારા કચરો ઉપાડવાની કામગીરી સાવ ઠપ્પ કરી દેવાઈ છે.

ગામમાં માત્ર ગંદકી જ નહીં, પરંતુ પીવાની પાણીની પાઈપો વારંવાર લીકેજ થવાની અને રોડ-રસ્તાના કામો અધૂરા પડી રહેવાની ગંભીર સમસ્યાઓ વ્યાપેલી છે. આ રસ્તેથી દરરોજ શાળાએ જતા નાના બાળકો તથા શ્રદ્ધાળુઓને દુર્ગંધ અને ગંદકી વચ્ચેથી પસાર થવાની નોબત આવી છે.

આ અંગે ગામ લોકોનો આક્ષેપ છે કે, વિસ્તારના ધારાસભ્ય માત્ર મોટી પ્રસિદ્ધિઓ અને ઉદ્ઘાટનોમાં જ વ્યસ્ત રહે છે અને પ્રજાની વાસ્તવિક તકલીફો પ્રત્યે દુર્લક્ષ સેવે છે. બીજી તરફ, તાલુકા પંચાયતના સત્તાધીશોએ ક્યારેય આ વિસ્તારની મુલાકાત લઈને નાગરિકોની સમસ્યાઓ જાણવાનો પ્રયાસ સુદ્ધાં કર્યો નથી.

અગાઉ પણ આ સમસ્યાઓ અંગે સમાચારપત્રોમાં અહેવાલો પ્રસિદ્ધ થયા હોવા છતાં વહીવટી તંત્ર તરફથી કોઈ નક્કર પગલાં લેવાયા નથી. ગ્રામ પંચાયતનો વહીવટ સાવ નિષ્ફળ નીવડ્યો હોવાનો આક્રોશ વ્યક્ત કરતા ગ્રામજનો હવે સવાલ ઉઠાવી રહ્યા છે કે આ પ્રાથમિક સમસ્યાઓનો ઉકેલ ક્યારે આવશે ?

# ઉમરેઠમાં ટ્રેક્ટરે બે બાઈકને અડફેટે લેતાં યુવકનું મોત

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.૨૩

ઉમરેઠ તાલુકાના અરડી ગામ નજીક ખોડિયાર માતાના મંદિર પાસે ગફલતભરી રીતે દોડી આવેલા એક અજાણ્યા ટ્રેક્ટર-ટ્રોલીના ચાલકે બે બાઈકને અડફેટે લેતાં ૩૫ વર્ષીય બાઈક ચાલક વિજયભાઈ રઈજીભાઈનું મોત નીપજ્યું હતું.

મહુધા તાલુકાના બારૈયાની મુવાડી ગામના જીતુભાઈ નારણભાઈ ચુનારાએ ભાલેજ પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદ અનુસાર, તેમના મોટાબહેન સારસા ગામે હોસ્પિટલમાં દાખલ હોવાથી તેમની ખબર જોવા માટે તેઓ, તેમના પત્ની રાધાબેન તથા સાઢુભાઈ વિજયભાઈ રઈજીભાઈ બાઈક પર ગયા હતા. ત્યાંથી પરત ફરતી વખતે અરડી ગામના પાટિયા પાસેથી પસાર થઈ અલીણા તરફ જઈ રહ્યા હતા ત્યારે શેઢી નદીના પુલ તરફથી પૂરઝડપે આવેલા ટ્રેક્ટર-ટ્રોલીના ચાલકે પ્રથમ એક બાઈકને અડફેટે લીધું હતું. બાદમાં સ્ટીયરીંગ પરનો કાબૂ ગુમાવતાં ટ્રેક્ટર રોંગ સાઈડમાં ધસી આવ્યું હતું અને વિજયભાઈના બાઈક સાથે ધડાકાભેર અથડાયું હતું.

આ અકસ્માત બાદ ટ્રેક્ટર ચાલક પોતાનું વાહન લઈને પણસોરા તરફ ગયો હતો. આ અકસ્માતમાં બાઈક પર સવાર ત્રણેય રોડ પર પટકાયા હતા, જેમાં વિજયભાઈને માથા તથા છાતીના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમને નડિયાદથી વધુ સારવાર અર્થે અમદાવાદની એલ.જી. હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતાં. આ અંગે ભાલેજ પોલીસે ફરાર ટ્રેક્ટર ચાલક વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### સંતરામપુરના બાબરોલ ગામમાં મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

**સંતરામપુર |** સંતરામપુર તાલુકાના બાબરોલ ગામે ૧૫૨ જેટલા વીજ ચોરીના કેસો નોંધાયા હોવાથી મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ

દ્વારા ગ્રામજનો સાથે સંવાદ સાધી વિશેષ લોકજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અધિકારીઓ એ બીપીએલ અને ૧.૫૦ લાખથી ઓછી આવક ધરાવતા પરિવારો માટે મફત વીજ જોડાણ અને રાહત દરની સરકારી યોજનાઓ અંગેની ગેરસમજ દૂર કરી કાયદેસર બિલ ભરવા અપીલ કરી હતી. કાર્યપાલક ઈજનેર યુ. એ. સોલંકીના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં વીજ કંપનીના અધિકારીઓ, પંચાયતના પ્રતિનિધિઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### સંતરામપુરના શણબાર ગામે 'આત્મા' પ્રોજેક્ટ દ્વારા 'કિસાન ગોષ્ઠિ' યોજાયો

**સંતરામપુર |** સંતરામપુર તાલુકાના શણબાર ગામે 'આત્મા' પ્રોજેક્ટ દ્વારા ખેડૂત કલ્યાણ અને નવીન પદ્ધતિઓના પ્રસાર અર્થે વિશેષ

'કિસાન ગોષ્ઠિ'નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મહિલા અને પુરુષ ખેડૂતોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં પશુ ચિકિત્સક ડો. દેવડા દ્વારા આદર્શ પશુપાલન, પશુ રોગ નિયંત્રણ અને સમતોલ આહાર વ્યવસ્થાપન અંગે માર્ગદર્શન અપાયું હતું, જ્યારે ગ્રામસેવકે ખેતીવાડી ખાતાની વિવિધ કલ્યાણકારી યોજનાઓની માહિતી આપી હતી. આ ઉપરાંત સી.આર.પી. દ્વારા જીવામૃત અને બીજામૃત અંગે પ્રેઝન્ટેશન રજૂ કરી ખેડૂતોને ઓછા ખર્ચે વધુ ઉત્પાદન મેળવવા માટે પ્રાકૃતિક ખેતી અપનાવવા આહવાન કરવામાં આવ્યું હતું.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### કપડવંજના ધોળીકુઈ ખાતે શ્રીબહુચર માતાજીના મંદિરે ગરબા અનુષ્ઠાન અને શસ્ત્રપૂજન યોજાયું

**કપડવંજ |** કપડવંજના ધોળીકુઈ વિસ્તારમાં આવેલ શ્રી બહુચર માતાજીના મંદિરે નવરાત્રિ દરમિયાન ધાર્મિક પરંપરા મુજબ આનંદના

ગરબાના અનુષ્ઠાન સાથે વિશેષ શસ્ત્રપૂજન કાર્યક્રમ યોજાયો હતો. મંદિરના પૂજારી ભાવિનભાઈ જોષી દ્વારા આયોજિત આ વિવિધ ધાર્મિક પ્રવૃત્તિઓ અને શસ્ત્રપૂજનમાં બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આપણી પ્રાચીન ધાર્મિક પરંપરા અને શૌર્યની ભાવના સમાન આ આયોજન દ્વારા સમાજમાં ધર્મ અને સંસ્કૃતિના સંરક્ષણનો સંદેશ આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ નવી પેઢીને સનાતન ધર્મની પરંપરાઓ, શૌર્ય, સંસ્કાર અને ધર્મરક્ષાના મહત્વથી પરિચિત કરાવવાનો છે.

### સરદાર પટેલ યુનિવર્સિટીના હોમ સાયન્સ વિભાગ દ્વારા 'પોષણ માહ ૨૦૨૬'ની વિશિષ્ટ ઉજવણી કરાઈ

**આણંદ |** સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક હોમ સાયન્સ

વિભાગ દ્વારા પોષણ, સ્વસ્થ આહાર અને બાળકોના સર્વાંગી વિકાસ અંગે જાગૃતિ લાવવા વિવિધ શૈક્ષણિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉજવણી અંતર્ગત બાકરોલની આંગણવાડી ખાતે 'સંતુલિત થાળી' ચાર્ટ પ્રદર્શન, પૌષ્ટિક વાનગીઓનું નિદર્શન તથા બાળકો માટે સર્વાંગી વિકાસલક્ષી રમતો યોજાઈ હતી. વિભાગીય સ્તર પર યોજાયેલી 'બેલેન્સ્ડ પ્લેટ' રેસિપી સ્પર્ધામાં શ્રિયા શાહ અને ભક્તિ પટેલ પ્રથમ ક્રમે તેમજ જેની પટેલ અને સ્નેહા દ્વિતીય ક્રમે વિજેતા બન્યા હતા. કુલપતિ પ્રો. નિરંજન પટેલ અને વિભાગીય અધ્યક્ષ પ્રો. નમ્રિતા કોલાના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ યોજાયો હતો.

### મહીસાગર જિલ્લો સ્ટેટ સાયન્સ ડ્રામા ફેસ્ટિવલમાં રાજ્યમાં પ્રથમક્રમે આવ્યો

**વીરપુર |** રાજકોટના હેમુ ગઢવી ઓડિટોરિયમ ખાતે યોજાયેલા સ્ટેટ સાયન્સ ડ્રામા ફેસ્ટિવલ 2026-27માં લુણાવાડાની ક્રિસ્ટલ સ્કૂલના

વિદ્યાર્થીઓએ પ્રથમ સ્થાન મેળવી મહીસાગર જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. ચિંતન પંચાલના માર્ગદર્શન હેઠળ રજૂ થયેલા નાટક બદલ સમગ્ર ટીમને પુરસ્કાર અને ચિંતન પંચાલને બેસ્ટ ડિરેક્ટરનો એવોર્ડ એનાયત કરાયો છે. આ નાટકમાં મુખ્ય ભૂમિકા ભજવનાર જીલ મયંકકુમાર જોશીને બેસ્ટ મેલ એક્ટરનો એવોર્ડ મળ્યો છે. રાજ્ય કક્ષાએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યા બાદ હવે આ ટીમ મુંબઈના નીતા અંબાણી ઓડિટોરિયમ ખાતે યોજાનારી ઝોનલ કક્ષાની સ્પર્ધામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે.

### વાસદની SVITના એનએસએસ યુનિટ દ્વારા પૂરપીડિતો માટે ચેક અર્પણ કરાયો

**આણંદ |** વાસદની એસવીઆઈટીના એનએસએસ યુનિટના સ્વયંસેવકોએ આસામ, બિહાર અને નેપાળના પૂરગ્રસ્ત લોકોની

સહાય અર્થે કેમ્પસ, વાસદ અને વડોદરાથી જનસંપર્ક કરી ₹1,00,001નું ભંડોળ એકત્ર કર્યું હતું. આ એકત્રિત રકમનો ચેક કલેક્ટર પ્રવીણ ચૌધરીને રૂબરૂ મળી પીએમ કેર ફંડ માટે અર્પણ કરવામાં આવ્યો હતો. આ સેવા અભિયાન એનએસએસ પ્રોગ્રામ ઓફિસર ડો. વિકાસ અગ્રવાલ અને આચાર્ય ડો. ડી. પી. સોનીના માર્ગદર્શન હેઠળ સંપન્ન થયું હતું. આ સંસ્થાના અધ્યક્ષ ભાવેશભાઈ પટેલ અને સમગ્ર SVIT પરિવારે NSS ટીમની આ સરાહનીય કામગીરીને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

### આણંદના આઈ.પી. મિશન કમ્પાઉન્ડમાં 'સંસ્થાના આંગણે ગરબાની રમઝટ-૨૦૨૬' યોજાયો

**આણંદ |** આણંદના આઈ.પી. મિશન કમ્પાઉન્ડ ખાતે ગુજરાત ક્રિશ્ચિયન સર્વિસ સોસાયટી મેનેજર્સ આઈ.પી. મિશન ટ્રસ્ટ સંચાલિત

ક્રિશ્ચિયન કોલેજ ઓફ એજ્યુકેશન, સેન્ટ સ્ટીફન કોલેજ અને કેર ઈન્સ્ટિટ્યૂટ ન। સંયુક્ત ઉપક્રમે 'સંસ્થાના આંગણે ગરબાની રમઝટ-૨૦૨૬' અંતર્ગત ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત તમામ સભ્યોએ એકસાથે મળીને પરંપરાગત રાસ-ગરબાની રમઝટ માણી કાર્યક્રમને યાદગાર બનાવ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્ય ડો. અવની દવે, કેમ્પસ ડાયરેક્ટર જતીન પઢિયાર અને સંસ્થાના ચેરમેન વોલેસ ક્રિશ્ચિયન સાહેબના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક સંપન્ન થયું હતું.

### લુણાવાડામાં લીમડીયા ખાતે સ્વચ્છતા અભિયાન અને શૈક્ષણિક કિટ વિતરણ કાર્યક્રમ યોજાયો

**લુણાવાડા |** મહિસાગરના ખાનપુર તાલુકાના લીમડીયા ખાતે સ્વપ્ના એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત નવોદય કુમાર તથા કન્યા છાત્રાલયમાં ગાંધી જયંતિ નિમિત્તે 'સ્વચ્છતા હી સેવા' જાગૃતિ કાર્યક્રમ યોજાયો

હતો. ટ્રસ્ટના પ્રમુખ નીલાબેન પરમારે સ્વાગત પ્રવચન કરી જરૂરિયાતમંદ બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે સમાજના દાતાઓને મદદ કરવા અનુરોધ કર્યો હતો. ઉપસ્થિત મહાનુભાવો દ્વારા વિદ્યાર્થીઓને સ્વચ્છતા અને સાફ-સફાઈ અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું તેમજ દાતાઓ તરફથી શૈક્ષણિક કિટ્સનું વિતરણ કરાયું હતું. આ કાર્યક્રમમાં સમાજ કલ્યાણ અધિકારી કે. સી. ખાંટ, સરપંચ તથા દાતાઓ કાન્તિભાઈ પટેલ, અમૃતભાઈ પટેલ અને ભવેન ચાંદાના વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

### ચરોતર એજ્યુકેશન સોસાયટીમાં શસ્ત્ર પૂજન યોજાયું: બે શૂટર્સ રાષ્ટ્રીય સ્તરે પસંદગી પામ્યાં

**આણંદ |** ચરોતર એજ્યુકેશન સોસાયટી, આણંદ સંચાલિત 'પ્રોજેક્ટ અર્જુન વેપન ટ્રેનિંગ એકેડમી'માં વિજયાદશમીના પાવન અવસરે શસ્ત્ર પૂજનનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે રાયફલ શૂટિંગ કોચ પાયલ ઉપાધ્યાય, શૂટર વિદ્યાર્થીઓ અને સ્ટાફ મેમ્બર્સે ઉપસ્થિત રહી ઉત્સાહભેર શસ્ત્ર પૂજનમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે સંસ્થાની વિદ્યાર્થીની વૈદેહી પંચાલ ઇન્ડિયન ટીમ સ્ક્વોડના દ્રઢા રાઉન્ડ માટે અને દ્રષ્ટિ ચાવડા નેશનલ લેવલ માટે સિલેક્ટ થઈ છે. આ ભવ્ય સિદ્ધિ બદલ સંસ્થાના પ્રમુખ નિરવભાઈ પટેલ, મંત્રી કેતનભાઇ પટેલ તથા હોદ્દેદારોએ બંને વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવ્યા હતા.

### વિદ્યાનગરની આઈ.બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલમાં ભક્તિમય વાતાવરણમાં નવરાત્રી ઉત્સવની ઉજવણી

**આણંદ |** ચારૂતર વિદ્યામંડળ સંચાલિત આઈ. બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલના ગ્રાન્ટેડ વિભાગમાં નવરાત્રી પર્વની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. મા ભગવતીની આરાધના નિમિત્તે યોજાયેલા ગરબામાં શાળાના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓએ પરંપરાગત ગરબાની રમઝટ બોલાવી હતી. આ પ્રસંગે શાળાના આચાર્યશ્રી તથા શિક્ષકગણે માતાજીની આરતી ઉતારીને શાળા પરિવારના સુખ, શાંતિ તથા વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે પ્રાર્થના કરી હતી. ભક્તિ અને એકતાના માહોલમાં યોજાયેલા આ કાર્યક્રમથી વિદ્યાર્થીઓમાં ભારતીય સંસ્કૃતિ પ્રત્યેની ભાવના વધુ દૃઢ બની હતી.

### કપડવંજમાં તબીબી ક્ષેત્રે સેવા આપતા વરિષ્ઠ તબીબોનું સન્માન સમારંભ યોજાશે

**કપડવંજ |** કપડવંજ ઇન્ડિયન મેડિકલ એસોસિએશનના પ્રમુખ ડો. હર્ષ અરવિંદભાઈ પટેલના જણાવ્યા અનુસાર પ્રથમવાર આઈએમએના રાષ્ટ્રીય અધ્યક્ષ ડો.અનિલકુમાર જે.નાયક કપડવંજની મુલાકાતે આવી રહ્યા છે. આ અવસરે ઇન્ડિયન મેડિકલ એસોસિએશન કપડવંજ દ્વારા ૨૫ વર્ષથી વધુ સમયથી તબીબી ક્ષેત્રે સમર્પિત સેવા આપતા વરિષ્ઠ તબીબોનું સન્માન તા.૨૫ને રવિવાર ના રોજ કઠલાલ ખાતે કરવામાં આવશે. આ કાર્યક્રમમાં તબીબી વ્યવસાયના મહત્વપૂર્ણ પાસાઓ અંગે ચર્ચા તથા તબીબી સમુદાયના યોગદાનને બિરદાવવાનો હેતુ છે.આ વિશેષ કાર્યક્રમનું આયોજન ઇન્ડિયન મેડિકલ એસો. કપડવંજના પ્રમુખ ડો.હર્ષ અરવિંદભાઈ પટેલ(જનરલ સર્જન)ના નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યું છે.તેમના માર્ગદર્શન અને આયોજનથી વરિષ્ઠ તબીબોના લાંબા સમયના યોગદાનને સન્માનિત કરવા તેમજ તબીબી જગત અને સમાજ વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.